અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ, અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રોત્સાહક, શિષ્યવૃત્તિ, ગણવેશ યોજના અને આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ યોજનાના સહાયના દરોમાં વધારો કરવા બાબત.

---

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ અજાક-૧૦૨૦૧૧-૧૧૯-ગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ- ૪-૪-૨૦૧૧**

**વંચાણે લીધાઃ-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮-૧૨-૮૯ નો ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૨૮૯-૧૦૬૯-ગ

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૬-૯-૯૭ નો ઠરાવ ક્રમાંકઃતલમ-૧૨૯૭-ન.બા.૯-ગ અને તા.૧-૮-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ તલમ-૧૨૨૦૪-યુઓઆર-૨(ભાગ-૨)-૨(૨)

(3) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૦-૯-૯૭ નો ઠરાવ ક્રમાંકઃપીએમએસ -૧૫૯૭-ના.બા.૧૦-ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૯-૯૯ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૯૮-ના.બા.૧૯-ગ

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ) નો તા.30-૯-૯૯ નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ-૧૦૯૮-ના.બા.૧૭-ગ

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ વિભાગ) નો તા.૨૫-૨-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ-૧૦૯૮-સાયકલ-30૯-૨૦૦૪-ગ

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૬-૨-૨૦૦૪ નો ઠરાવ ક્રમાકઃ પરચ-૧૦૨૦૦૦-ન.બા.3૪-ગ

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-3-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ-૧૦૨૦૦3-૧૦૯૨-ગ

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬-૭-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: પીએમએસ-૧૩૦૫-૪૦૦-ગ

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૩-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: અજાક-૧૩૦૮-ન.બા.૩૧-ગ

<u>ઠ રા વ:-</u>

અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય તેમજ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજનાઓ રાજય સરકાર દ્વારા અમલમાં છે. અનુસૂચિત જાતિ, વિકસતી અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની આ યોજનાઓમાં એકવાકયતા તથા એકસૂત્રતા જળવાય તે હેતુસર વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિ/સહાય/સ્ટાઇપેન્ડના દરોમાં સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે એકસરખો વધારો કરવાનો નિર્ણય લીધો છે.

૨. ઉપરોકત પૂર્વભૂમિકાના અનુસંધાને, **અનુસૂચિત જાતિના** વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ, અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને અપાતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ, ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય, આદર્શ નિવાસી શાળાનાં બાળકોને અપાતો ગણવેશ ખર્ચ તથા આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને અપાતા સ્ટાઇપેન્ડના દરોમાં સરકારશ્રીએ નીચે મુજબનો વધારો કરેલ છે.

## ૧. પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ (બીસીકે- ૨/૭૧)

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) માં જણાવેલ તા.૨૦-૯-૧૯૯૭ અને ક્રમાંક (૫) માં જણાવેલ તા.૩૦-૯-૧૯૯૯ ના ઠરાવોથી નિયત થયેલ શિષ્યવૃત્તિના દરમાં સુધારો કરીને, હવેથી **ધોરણ ૧ થી ૭ માં ભણતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૧૫૦/-** અને **ધોરણ ૮ થી ૧૦ માં ભણતા**

**વિદ્યાર્થીઓને** વાર્ષિક રૂ. ૩૦૦/- ના દરે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે. સરકારશ્રીએ શિષ્યવૃત્તિની ચૂકવણીમાં સરળતા રહે તે હેતુસર ગત વર્ષની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને જ આ લાભ આપવાનું ઠરાવેલ છે.

**૨. અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ (બીસીકે ૧૭/૧૭/એ)**

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૪) માં જણાવેલ તા.૨૮-૯-૧૯૯૯ ના ઠરાવથી અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના ધોરણ ૧ થી ૭ તથા ધોરણ ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિના દરો નિયત કરવામાં આવેલ છે.

સરકારશ્રીએ હાલના આ દરોમાં વધારો કરીને, હવેથી ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને તમામ ધોરણમાં, વાર્ષિક રૂ.૬૫૦/- લેખે ખાસ શિષ્યવૃત્તિ આપવાનો નિર્ણય કરેલ છે. સરકારશ્રીએ શિષ્યવૃત્તિની ચૂકવણીમાં સરળતા રહે તે હેતુસર ગત વર્ષની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને જ આ લાભ આપવાનું ઠરાવેલ છે.

**3. ગણવેશ સહાય (બીસીકે- ૧૬)**

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૯) માં જણાવેલ તા.૧૬-૭-૨૦૦૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિનાં પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને બે જોડી ગણવેશ પેટે વિદ્યાર્થી/વિદ્યાર્થીની દીઠ રૂ.૧૫૦/- ની રકમ રોકડમાં ચૂકવવામાં આવે છે, તેમાં હવે સરકારશ્રીએ સુધારો કરીને રૂ. ૨૦૦/- કરવાનું ઠરાવેલ છે.

ઉપરાંત ઉપર ઉલ્લેખિત તા.૧૬-૭-૨૦૦૫ ના ઠરાવમાં આ યોજનાનો લાભ ફકત બી.પી.એલ. કાર્ડ ધારકોના કુટુંબના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને જ

મળવાપાત્ર રહેશે તેમ ઠરાવેલ છે તેમાં સુધારો કરીને હવેથી આ યોજનાનો લાભ મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૨૫,૦૦૦ ઠરાવવામાં આવે છે.

**૪. આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓનો ગણવેશ ખર્ચ (બીસીકે- ૨૮)**

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં જણાવેલ તા.૧૮-૧૨-૧૯૮૯ ના ઠરાવથી અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ગણવેશ પેટે વિદ્યાર્થી દિઠ વાર્ષિક રૂ. ૨૫૦/- ની મર્યાદામાં ગણવેશ આપવાનું ઠરાવેલ તેમાં વધારો કરીને સરકારશ્રીએ હવે વિદ્યાર્થી દિઠ રૂ. ૩૦૦/- ની મર્યાદામાં ગણવેશ ખર્ચ આપવાનું ઠરાવ્યું છે.

**૫. આઇ.ટી.આઇ. ના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ (બીસીકે- ૧૩)**

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં ઉલ્લેખિત તા.૧૬-૯-૧૯૯૭ અને તા.૧-૮-૨૦૦૭ ના ઠરાવથી ઠરાવ્યા મુજબ હાલમાં રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) તથા સહાયક અનુદાન મેળવતી (સરકાર માન્ય) ખાનગી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/કેન્દ્રોમાં તાલીમ મેળવતા અનુસૂચિત જાતિના તમામ તાલીમાર્થીઓને રૂ. ૨૦૦/- લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે તેમાં વધારો કરીને હવે માસીક રૂ. ૨૫૦/- આપવાનું ઠરાવવામાં આવે છે. ઉપરાંત એક વર્ષના માન્ય વ્યવસાયીક અભ્યાસક્રમો માટે સ્ટાઇપેન્ડ માસીક રૂ. ૧૨૫/- આપવાનું પણ ઠરાવવામાં આવેલ છે. આ યોજના હેઠળ લાભ મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧૧,૦૦૦ છે તે વધારીને હવેથી ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવેલ છે.

## ૬. વાર્ષિક આવક મર્યાદામાં વધારો

**(૧) સરસ્વતી સાધના યોજનાઃ- (બીસીકે- ૬)**

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ
આપવામાં આવે છે તેની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય
વિસ્તારમાં રૂ. ૧૫,૯૭૬ અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૧,૨૦૬ છે તેમાં
વધારો કરીને હવે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦ અને શહેરી
વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવેલ છે.

**(૨) માનવ ગરીમા યોજના (બીસીકે- ૩૧)**

અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે આ યોજના હેઠળ લાભ મેળવવા
માટેની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧૧,૦૦૦ છે તે વધારીને હવેથી ગ્રામ્ય
વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે
રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવેલ છે.

**(3) કુંવરબાઇનું મામેરૂં (બીસીકે- ૫૫)**

આ યોજના હેઠળ લાભ મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા
હાલમાં રૂ. ૧૫,૯૭૬ અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૧,૨૦૬ છે તેમાં વધારો
કરીને હવે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં
રૂ. ૨૫,૦૦૦ કરવામાં આવેલ છે.

**(૪) માઇ રમાબાઇ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજનાઃ (બીસીકે- ૫૭)**

સાતફેરા સમૂહલગ્ન યોજના માટે આવક મર્યાદા રૂ. ૧૫,૯૭૬ અને
શહેરી વિસ્તારમાં રૂ. ૨૧,૨૦૬ ઠરાવવામાં આવેલ, તેમાં સુધારો કરીને
હવે ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર
માટે રૂ. ૨૫,૦૦૦ ઠરાવવામાં આવે છે.

૩. ઉપર જણાવેલ યોજનાઓમાં ઉલ્લેખ કર્યા મુજબ સહાયના દરોમાં તેમજ આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે તે સિવાય, જે તે યોજનાઓના અમલીકરણ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

૪. ઉપર જણાવેલ વિગતે જણાવ્યા મુજબ યોજનાઓમાં થયેલ ફેરફારના કારણે થનાર ખર્ચ, જે તે યોજના માટેની અંદાજપત્રીય જોગવાઇમાંથી કરવાનું રહેશે.

૫. આ હુકમોનો અમલ તા.૧-૪-૨૦૧૧ પછી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨-૩-૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતી એસ.આર.ભુરીયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નામ.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.સંસદીય સચિવશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી,

35